# બાળકો અને યુવાનો ખ્રિસ્તની સેવા માણે છે

## ઈસુ - બાળકોને અનુસરવા માટેનો મહાન નમૂનો

બાળકોની ઉંમર તથા જરૂરિયાત પ્રમાણેની પ્રવૃતિ પસંદ કરો.

**શિક્ષકની પ્રાર્થના :** પ્રભુ, તમે દરેક સ્થાનના બાળકોને ચાહો છો. અમને તમારી જેમ તેઓ પ્રત્યે ધીરજવાન અને દયાળુ થવા તથા તેમનાથી શીખવા સહાય કરો.

**બાળકોની પ્રાર્થના :** વહાલા ઈસુ, તમારા પ્રેમ તથા મમતાભર્યા વર્તાવ માટે અમે આભારી છીએ તમારી સેવા કરવા તથા તમારી આજ્ઞા પાળવા અમારી સહાય કરો.

ઈસુએતેઓને બાથમાં લીધા, ને તેઓ પર હાથ મૂકીને તેઓને આશીર્વાદ દીધો. (માર્ક ૧૦:૧૬)

**ચિત્ર દોરો :**

- બાળકોને આનંદી બાળકાનું ચિત્ર દોરવા દો બાળકો સમજે કે ઈસુ બાળકોની કાળજી લે છે.
- મોટા બાળકો નાના બાળકોની મદદ કરે.

મા-બાપને ચિત્રો બતાવો અને કહો કે ઈસુ નાના બાળકોને પ્રેમ કરે છે. માર્ક ૧૦ :૧૩-૧૬માં શોધો ઈસુ બાળકોની કેટલી સંભાળ રાખે છે. તે વાંચી બતાવો અથવા તેની વાર્તા કહો. શક્ય હોય તો કોઈ મોટું બાળક તે વાર્તા વાંચે.



**બાળકોને પૂછો :**

- લોકો શા માટે બાળકોને ઈસુ પાસે લાવ્યાં ? (બાળકોને ઉત્તર આપવા દો)
- લોકોને કોણે રોકયાં ?
- બાળકોને અટકાવાતાં જોઈને ઈસુને કેવું લાગ્યું ?
- ઈસુએ બાળકો માટે શું કર્યું ?
- આપણી ભજનસેવામાં બાળકોને બોલાવવાનું કેટલું મહત્વનું છે ?

**શીખવવાની પ્રવૃત્તિ :** માબાપો ઈસુ પાસે બાળકોન લાવ્યા ને પ્રસંગ વર્ણવો.

**બાળકો :** માનો કે તમે પ્રભુ ઈસુના શિષ્યો છે.

- તો બાળકો માબાપને ઈસુ પાસે બાળકોને લાવતા અટકાવવા તમે ક્યા કરાણો આપશો ? ઉ.દા.

- ''ઈસુ બહુ કામમાં છે.''
- ''ઈસુની વાતો સમજવા મટે આ બાળકો બહુ નાના છે.''
- ''આપણા મહાન શિક્ષકનું તમે અપમાન કરો છો.''

**બાળકો :** શિષ્યો વિશે વિચાર કરીને બાળકોને તેમની જેમ બોલવા દો, ''હવે માનો કે તમે માબાપ છો. તો ઈસુ પાસે બાળકોને લાવવા માટે તમે ક્યા કારણો આપશો તે કહો.

**બાળકો :** હવે માનો કે ઈસુએ જે બાળકોને આવકાર્યા તે તમે - છો. તો હવે તમે ઈસુ માટે શું કહેશો ?

ઈસુ પાસે આવનાર બાળકોની વાતો **ભજવી બતાવો** (માર્ક ૧૦ :૧૩-૧૬)

- ભજનસેવા સમયે આ ટુંકું નાટક ભજવવા તૈયારી કરો.
- જો થોડા માણસો બાળકોની રજુઆતમાં જોડાય તો તે નાટક વધારે અધિકારયુક્ત રજુઆત બનશે.
- મોટાં બાળકો તૈયારીમાં નાના બાળકોને મદદ કરે.

**માતાપિતા** : ખંડમાં એક બાજુ બેઠેલા ઈસુની પાસે બાળકોને હાથ પકડીને લઈ જાય. ''ચાલો, આપણે ઈસુને મળવા જઈએ.''

**ઉદ્ઘોધક :** માર્ક ૧૦ :૧૩ વાંચો

**શિષ્યો :** ઈસુની પાસે ઊભા રહી, ગુસ્સાથી કહો. ઉપરની શીખવાની પ્રવૃત્તિમાં જે કાંઈ લખવામાં આવ્યું છે તે બોલો શિષ્યોએ શું કહ્યું હવે તે બોલવામાં તમારી કલ્પનાશક્તિનો ઉપયોગ કરો તમારા પોતાના જ શબ્દો વાપરો.

**મા-બાપ : શિષ્યોની સામે દલીલો કરો.** (ઈસુના શબ્દો ભારપૂર્વક બોલો)

બાળકોને મારી પાસે આવવા દો તે તેઓને વારો મા કેમ કે આકાશું રાજ્ય એવાઓનું જ છે. હું તમને ખરું જ કહું છું કે જે કોઈ બાળકની માફક દેવનું રાજ્ય સ્વીકારશે નહી. તે એમાં પ્રવેશ કરશે જ નહિ.''

**ઉદઘોષક : માર્ક ૧૦ :૧૬ વાંચો**

**ગીત :** ગીતશાસ્ત્ર ૧૨૭ થી ૧,૩,૪,૫,કલમો બોલાવો.

જો ઘરનો બાંધનાર પ્રભુના હોય,
તો બાંધનારની મહેનત નકામી
જો નગરનો રક્ષક પ્રભુના હોય,
તો સિપાહીની ચોકી નકામી છે.
સંતાનો છે પ્રભુનો વારસો અને
બાળકો છે તેનો બદલો,
યોદ્ધાના હાથમાં જેમ બાણો, તેવાં છે યુવાનીના બાળો,
ધન્ય ધન્ય છે એવાં લોકો, જેમના ભાથામાં છે આ બાણો,

બાળકોને પ્રેમ કરતા લોકો કે તેમને મદદ કરનાર લોકો વિષે મોટાં બાળકો ગીતો લખે કે નાની વાર્તા લખે.

બાળકો તે વિષે પ્રશ્નો તૈયાર કરે (બાળકો માર્ક ૧૦ :૧૩-૧૬ મોઢે ઉપર આપેલા પ્રશ્નો પૂછે અથવા તેમણે તૈયાર કરેલા પ્રશ્નો પૂછે

**મુખપાઠ વચન :**

- મોટાં બાળકો માર્ક ૧૦ :૧૩-૧૫ મોઢે કરે.
- નાનાં બાળકો માત્ર માર્ક ૧૦ :૧૪ મોઢે કરે.
- શિક્ષક : ભજનના સમયે બાળકો વડીલો સમક્ષ રજુઆત કરે તેવી વ્યવસ્થા કરે.
- ઈસુ પાસે લવાયેલા બાળકોનું નાટક ભજવો.
- ગીત ૧૨૭નું ગીત ગાય.
- તેમની મુખપાઠ કલમ બોલે